# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.

## <u>અખબારી યાદી</u>

ગુજરાત રાજયની તમામ નોંધાયેલ માધ્યમિક શાળાઓના આચાર્યશ્રીઓ, વિદ્યાર્થીઓ અને વાલી-વારસોને જણાવવાનું કે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ (પરીક્ષા વિભાગ), વડોદરા ખાતે **ધોરણ-૧૦** ના ગુણપત્રક અને **પ્રમાણપત્રમાં નામ/અટક/જન્મતારીખ** જેવા સુધારા કરવા હાલમાં વડોદરા ખાતેની બોર્ડની કચેરીમાં પ્રક્રિયા કરવામાં આવતી હતી. વિદ્યાર્થીઓના હિતમાં વડોદરા કચેરીના બદલે તા.૦૧/૧૦/૨૦૧૮ ના રોજથી **ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર**ની કચેરીએ આવેલ વિદ્યાર્થી સેવા કેન્દ્રમાં ઉકત અરજીઓ રજુ કરવાની રહેશે. અને ટપાલ દ્વારા મોકલવામાં આવતી અરજીઓ જરૂરી પુરાવા સાથે **મદદનીશ સચિવશ્રી, વિદ્યાર્થી સેવા કેન્દ્ર, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, સેકટર-૧૦-બી, જુના સચિવાલય પાસે**, ગાંધીનગરના સરનામે મોકલવાની રહેશે. ઉકત કામગીરી બોર્ડની ગાંધીનગરની કચેરીએથી જ થશે.

**ધોરણ-૧૦**ના સુધારા સંબંધિત અરજી ઉપરની કામગીરી ગાંધીનગર કચેરી ખાતેથી કરવામાં આવશે. તેની નોંધ તમામ સંબંધિતોએ લેવા વિનંતી કરવામાં આવે છે.

નકલ રવાના અર્થે તથા અમલ સારું.

ક્રમાંક / મા.પ્ર.શિ/૨૦૧૮/૭૭૬૪૭-
જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી ૫૮૨૪૭
જોરાવર પેલેસ,
બનાસકાંઠા જિલ્લો, પાલનપુર.
તારીખ : ૪-૧૦-૨૦૧૮

પ્રતિ,
આચાર્યશ્રી,
સરકારી, ગ્રાન્ટેડ, નોન-ગ્રાન્ટેડ,
મા. તથા ઉ.મા. શાળાઓ
તમામ બનાસકાંઠા જિલ્લો.

જિલ્લા શિક્ષણાધિકારી,
બનાસકાંઠા જિલ્લા, પાલનપુર.